૫૪૧૮

મુંબઈમાં, હીંદુ અને મુસલમાનો વચે, થયલુ મોટુ હુલડ તેનો ગરબો.

બનાવનાર.

ઠકર લવજી ખોડા.

પ્રસીધ્ધ કરનાર.

પરમાનંદ રણછોડ.

મુ૦ મુંબાઈ મંગલદાસની મારકીટ સામે.

(આ ચોપડી સામટી લેનારને, કીફાયેત ભાવેથી આપવામાં આવશે.)

મુંબઈમાં ' બૉમ્બે ન્યૂ પ્રેસ ' માં છાપ્યું.

કીમત એક આનો.

મુંબઇમાં હીંદુ અને મુસલમાનો વચ્ચે થયેલું હુલડ; તેનો ગરબો.

રાગ, બુરાનપોરી.

સંવત ઓગણીશે હાલ, ઓગણપનાસનુ સાલ;
અશાડ બીજાની અમાસ, બન્યો બનાવ બુરો.
મુંબઈ મોટુ જંગી શેહેર, લોકો કરતા લીલા લેહેર;
તેમાં થયોછે કાળો કેર, હવે શું કરીએ. ૨
હતો જુમાનો જે દીન આવી મળ્યા મુસલમીન;
બંદગી કરતા થયા લીંન, મશીદ જુમા વીશે. ૩
પછી દીન દીન સો કરતા, થયા મુસલમીનો ફરતા;
તેને દેખી હીંદુ ડરતા, કોપ આ શુ થયો. ૪

શાખી ૧.

કોપ થયો શુ કારમો, મુંબઈ શેહેરની માંય
હાહાકાર બોલી રહયો, જુમા મસીદ છે ત્યાય.

એવા રીત એવા રીત; અનીહરે એવી રીતે.
લોકો હનુમાન કને ગયા, ત્યાં તો હીંદુ ભેળા થાય;
કોઈને આવી નવ દયા, થઈ મારા મારી. ૫
મારા મારી કરે લોક, પાડે ભેગા થઈ ને પોક;
પોલીસ આવી ચોકે ચોક, હથીયાર બાંધી સહુ. ૬
બીજા અમલદારો જેહ, જુદા પાડે લોકો તેહ;
જાઓ જાઓ મુખથી કે, ઊંચા હાથ કરી. ૭
સૌને સમજાવીને કાડે, લોકો ચાલ્યુ રસ્તે આડે;
કઇક ગાળ્યો મુખીથી કાઢે, એમ તોફાન વધ્યું, ૮

શાખી ૨.

તોફાન વધ્યું આ શેહેરમાં, શું થાશે કીરતાર;
દીન જાગ્યુ આ દોહેલુ, ધ્રુજે નર ને નાર.
એવી રીત, એવી રીતે; અની હાંરે એવી રીત.
કઇક બારીમાથી જુવે, કઇક ઘરમાં જઇને સુવે;
કઇક માર પડયાથી રૂવે, હાયે હાયે કરતા. ૯
વળી દોડા દોડી થાય, લોકો અતીશે ગભરાય;
પોલીસ ટોળે ટોળાં જાય, દંગો દૂર કરવા. ૧૦

પડે સોટાઓના માર, લોકો હડે ન લગાર;
દીન જાગ્યું ઠારો ઠાર, આણુ ધાર્યુ આતો. ૧૧
મોટા મોટા અમલદાર, વળી ઘોડાના જે સ્વાર;
એતો ફરે હારો હાર, ગલી કુચી ચકલે. ૧૨

શાખી ૩.

ચકલે ચોકી સામટી, લશકરી તમામ;
કાળી ગોરી ને ટુકડી, બેઠી ઠામો ઠામ.
એવી રીતે, એવી રીતે; અની હારે એવી રીતે.
બંધોબસ્ત કીધો સારો, તોયે શેહેરમા ચાલ્યો મારો;
વખત આવ્યો આ નઠારો, હવે કેમ કરીએ; ૧૩
કઇક લોકો માર્યા ગયા, કઇક જનો ઘાયલ થયા;
નવે આવે કોઇને દયા, ખુન કરતાં અરે. ૧૪
બંધ પડી ગઇ બજાર, અકાશ થયો અંધકાર;
વાતો ચાલે ઠારો ઠાર, કોપ દેવ તણો. ૧૫
બાર ગામ લોકો ગયા, બહુ માળા ખાલી થયા;
કઇકે રાખ્યા ઘેર લૈયા, શેઠ સાહુકારે. ૧૬

શાખી ૪.

શેઠે ચાકર રાખીયા, લાગો જેને ત્રાસ;
અમાસતો આવી ગઈ, હવે શાવણુ માસ.

(માહુકોપ થયો તે કળી કાળમાંજો) એ રાગ

ખુબ તોફાન વધ્યુ આ શેહેરમાંજો,
મચ્યો મામલો તે કાળા કેરમા જો. ખુ ટેક.
મારવડીબજાર જે કેવાયછે જો,
ત્યાં મુસલમાનો દોડયા જાય છે પોતે જો,
માર મારે ને ખાય છે પોતે વળી જો,
લાગે સોટાને, જાયછે એમા ઢળી જો. ખુબ. ૨
બહુ નીહાળી નળીબજારછે જો,
માયથોણીએ સાહેબો સ્વારછે જો. ખુબ. ૩
માન પોલીસને ઘણા વાગીયા જો,
એ ભાડીને માંડવી તે ભાગીયા જો. ખુબ. ૪
ચાંટોરાડે તે ગેબ ગોળી જાયછે જો,
કુંભારવાડો ને નાગદેવી ત્યાં છે. જો. ખુબ. ૫
તેએ હીંદુ મુસલમાન જ્યારથી જો,
એક બીજાઓને મારે છે મારથી જો. ખુબ. ૬
દેવ લોકોના દેવળ તોડીયાં જો,

લાંબી તકતાને જુમર ફોડીયા જો. ખુબ. ૭
કોપ કરી કામાઠીને ધાટીયો જો,
ખોદી કાહાડી મશીદની માટીયો જો. ખુબ. ૮
હીંદુ લોકોના હાટડા લુટાયછે જો,
પેંડા બરફીને ખાજા ખવાયછે જો. ખુબ. ૯
કછક ટોળાં આવે પુરમા ફરી જો,
વોરા લોકોની લુંટવા મંડ્યા ઝરી જો. ખુબ. ૧૦
ફોજ ફરતી ફરે એના ભેદમાં જો,
કસુરવાળાને લૈ જાએ કેદમાં જો. ખુબ. ૧૧
અમલદારે આવેછે ઉતાવળા જો,
સંપ થકી ચલાવી એણે કળા જો. ખુબ. ૧૨
ઠેક ઠેકાણે તંબુ એણે તાણીયા જો,
ધીર ધરીને તોપ ગોળા આણીયા જો. ખુબ. ૧૩
બીજુ લશકર બોલાવ્યુ બારથી જો,
ટોળે ટોળા ઊતાર્યાંછે તારથી જો. ખુબ. ૧૪
તેને દેખીને લોક ગભરાયછે જો,
હુલડખોરો ત્યાંથી હઠી જાયછે જો. ખુબ. ૧૫
રાત દીવસ ફોજ તો ફર્યા કરે જો,
અમલદારો તે કોઈથી ના ડરે જો.

(મોહોલે પધારો માહારાજ.) એ રાગ.

વધ્યુ હવે રમખાણ, મુંબઇમાં કોપ થયો છે;
મોટી વધી મોહોકાણ, મુંબઇમાં કોપ થયો છે.—ટેક.

શાખીચું

શરકારી જે સાહેબો, તેણે ફેકયા તાર
લશકર આવ્યુ આ સમે, સોલજર હારોહાર.
મુંબઇમાં કોપ થયો છે.
શીતુર તો ફરી વળ્યું, મુંબઇ શેહેરમો જાર;
ભુલેશ્વર ભડકાવીને, ચાલ્યું તે ભીંડી બજાર
મુંબઇમાં કોપ થયો છે;
હુલડખોરો હાટડા, લુંટી લે છે ત્યાંઇ;
ભાંગી બારી બારણા, માંડી ખાવા મીઠાઇ.
મુંબઇમાં કોપ થયો છે.
કઇક મુવા મુસલમીનો, કઇ હીંદુ તે ઠાર;
કઇક જનો ઘાયલ થયા, ચાલી તે લોહીની ધાર.
મુંબઇમાં કોપ થયો છે.
બનાવ બુરો આ બન્યો, ઓચીંતાનો આમ;
સોલજરને વળી સાહેબો, આવી પુગા તમામ.
મુંબઇમાં કોપ થયો છે.
સ્વારો આવ્યા સોભીતા, હાથ ધરી હથીયાર;

તોપો લાવ્યા તે સમે, વળી નાગી તલવાર
મુંબઇમાં કોપ થયો છે.

(છોરી બામનકી.) એ રાગ.

મારો મારો સંભળાય, મારો મારો સંભળાય;
ધરતી લાગી ધ્રુજવાને, ઊથલ પાથલ થાય. ટેક:
કોઇને સપાટા લાગે. કોઇને લાગે ભાલો;
દ્વારે રહીને ધક્કા મારે, પોલીસ પટાવાળો.
મારો મારો સંભળાય—૧.
જાઓ જાઓ મુખથી કે છે, મરવા આવો શાને;
એમ કરતાં આડા ચાલે તેને પકડે કાહાંને.
મારો મારો સંભળાય—૨.
દંગાંખોરો દગડ મારે કોઈના માથાંફુટે;
વગર વાંકે જે મરાણા; તેની ઘરના કુટે.
મારો મારો સંભળાય—૩.
કઇક તો બરાડા પાડે, મારો મારો કરતા;
ધાયલ થઇને ઘરમા બેઠા, મુરખ ત્યાંતો મરતા;
મારો મારો સંભળાય—૪.

(સારૂં સારૂં રે સુરત શેહર.) એ રાગ.

વધ્યુ વધ્યુ રે, મુંબઇમાં વેર, કેર કાળો થાએ;
લડે હીંદુને મુસલમાન, કંઇક માર્યા જાએ. ટેક.

હેત હતાં જે એક બીજાને,
મળીને કરતાં વાતો રે;
ઝેર થયું છે જુજ વખતમાં,
નાહક તોડયો નાહાતો.—કેર કાળો. ૧

એક બીજાની પ્રીતી પલકમાં,
નાશ પામી નીરધાર રે;
ઝેર જાગ્યું છે જોરમાં ભારી,
ભાંગી પડયો રોજગાર.—કેર કાળો. ૨

દેવ લોકોના દેવળ તોડયાં,
મુરતી ખંડન કીધી રે;
કામાદીઓએ કેર કરીને,
મસજીદ પાડી દીધી—કેર કળો. ૩

એક બીજાના ધર્મજ ઉપર,
અનર્થ આવા કરતા રે;
લાકડીઓના ચાલે સપાટા,
આવે તેમાં તે મરતા.—કેર કાળો. ૪

અગની આવી લાગી લતાઓ,
પાયશ્રેણી ભાયખાળે રે,
બેટાંકી ને પુરા કામાઠી;
ચીચપોકલી નાગપાડે,—ફેર કાળો. ૫
એ શીવાએ જાગી ઝુલામા,
હોળી ઠેક ઠેકાણે લે;
જાણે થયું છે જગમાં જાહેર;
દલગીરી દીલમાં આણે—ફેર કાળો ૬
સંધાદારી હારીને બેઠા,
મનમા બહુ મુજાય રે;
પોકાર થાએ પુરમા જ્યારે,
થર થર ધ્રુજે કાય.—ફેર કાળો. ૭
માટે ઇશ્વર માનજે મારૂ,
આમાથી ઊગારો રે;
બન્ને બાજુથી હસ્ત જોડી હું
માનુ આભાર તમારો.—ફેર કાળો. ૮

(રાગ, મરશીયાનો.)

હાય ઓયરે મુંબઈમાં મામલા મચાવા:

દઇને લોકોએ, દીન જગાવ્યા રે. ટેક.

નવરંગી જે નળ બજાર,
રૂડી ગલાલવાડી ગુલજાર;
ખાયપોણીએ પડયો પોકાર રે.—હાય ઓયરે. ૧.

પોલીસ પટાવાળા સહુ આવે,
મારી ધકાને લોકો હઠાવે;
ભાઈ બાપુ કહી સમજાવે રે,—હાય ઓયરે. ૨

મારવાડી જે મનમાં બીધા,
પાકીટ પોટલા હાથમાં લીધા;
જાય રેલગાડીએ શીધા રે—હાય ઓયરે. ૩

દુર દેશના દરજી લોકો,
જાય દેશમાં થોકેરે થોકો;
બાંધી બચકા ને હાથમાં હોક્કો રે.—હાય ઓયરે. ૪

સઈ સુતારને વળી સોની,
જાય જોશી વતનમાં જોની;
નવ હીમત રેહે હવે કોની રે.—હાય ઓયરે. ૫

એમ હજારો હારીને ગયા,
માળા કઈકના ખાલી થયા;
કઈક કોટમાં જઈને રયારે.—હાય ઓયરે ૬

એમ ભાગા ભાગી બહુ થાયે,
લોકો તેને દેખી અકળાએ;

હાય ભુલડ ઉઠયુ ન જરા અરે.—હાવ ઓયરે. ૭
કેમ થાશે હવે કીરતાર,
ડીંગ જાગ્યું હવે ઠારોઠાર;
ઘર મુકી જવું ક્યાં બાર રે.—હાવ ઓયરે. ૮

(મુંબઇને થયેલો આટો રોગ, અને તેથી તેનું સકઇ જવુ. દુહો)

હોંસે હાલી આવતા, લોકો મુંબઈ શેહેર,
દુઃખથી દુર નાશી ગયા, લાગી કડવી ઝેર.

લલીત છંદ.

અરર ઓ પ્રભુ, શુ હવે થશે;
દીવસ દોહલા, કેમ તો જશે. ૧
લાગી લાહયરે, કેમ થાયરે;
અરર ઊંજેની, ખાવા ધાયરે. ૨
બંધ પડી ગઈ છોળ આ ઘડી;
થઇ ગઇ અરે, પુરી બાપડી. ૩

સરસ તેજમાં, કેવી ઓપતી;
ભર જુવાનીમાં, તું તો સોભતી. ૪
વૃધપણું તને, આવીયુ મુખે;
બુઢી થઇ ગઇ, દીન ને દુઃખે. ૫
સૃંગાર તો તજી, દીન આઠમાં;
અશાડમાં હતી, કેવી ઠાઠમાં. ૬
દરદ દીલમાં, તુજને થયું;
શરીર તાહરૂ, સુકી તો ગયુ. ૭
સલાહ જો થસે, હાલ પુરમાં;
થઇશ તું સુખી, આવી નુરમા. ૮

દુહો.

મેહેર કરી તું માવડી, અસલ રૂપમાં આવ;
બાળક તારાં બાહાર છે, પ્રીતથી પાછા લાવ.

(શેહેરમાં સમાધાની, અને માહારાણીનો ઉપકાર.)

રાહ ઇંગ્રેજી.

ખુશી ખુશી ખુશી થાઓ,

ભોજન મીઠા ઘરમાં ખાઓ,
ગુણ સહુ રાણીના ગાઓ;
રાજ્ય તપો આ સર્વદા. ૧
મુંબઇમાં હતું તોફાન,
ગોરા આવ્યા અકલવાન;
શેહેરમાં કીધું સમાધાન,
રાજ્ય તપો આ સર્વદા. ૨
ભરી એણે મોહોટી હામ,
બંધોબસ્ત કર્યો તમામ,
સ્વારો ફરતા ઠામોઠામ,
રાજ્ય તપો આ સર્વદા. ૩
આવ્યાતા જે અમલદાર,
જશ પામ્યા એ જગમો જાર;
હુરે હુરે કરો પોકાર,
રાજ્ય તપો આ સર્વદા. ૪

(ક્ષત્રી કલંક કેમ લેશ.) એ રાગ.

ધન્ય ધન્ય રાણી શરકાર,
ફોજ તારી ફતેહ પામીરે;

સહું માની એ તુજ આભાર. ફોજતારી.
બહુ બુધિશાળી તું બાઇ, ફોજતારી.
રહો હીંદમાં રાજ્ય સદાઇ; ફોજતારી.
જ્યારે હુલડ થયું આ ઠાર, ફોજતારી.
થઇ દલગીર તું નામદાર; ફોજતારી.
કરી દીલમાં તેં દરીયાપ, ફોજતારી.
ફૂકયો ત્યાંથીતે ટેલીગ્રાફ; ફોજતારી.
લઇ લશકર જાઓ પુરમાંયે ફોજતારી.
સર્વે સાનત કરોને ત્યાયે; ફોજતારી.
એવો હુકમ કર્યો તેં માત, ફોજતારી.
આવ્યુ લશકર જાતે જાત; ફોજતારી.
કર્યું હીમતથી બહુ કામ, ફોજતારી.
દંગો દુર કીધોછે તમામ; ફોજતારી.
થયાં શુખી શેહેરના લોક, ફોજતારી.
જસ આપેછે થોકો થોક; ફોજતારી.